સરકારી પ્લેસ ઓફ સેફ્ટી (મહેસાણા, રાજકોટ, વડોદરા) અને ૩ સ્પેશિયલ હોમ ( મહેસાણા, રાજકોટ, વડોદરા) શરૂ કરવાની નવી બાબત નાણાકીય વર્ષ **૨૦૨૪-૨૫** માટે ૩.૪.૪૬ કરોડનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

ઠરાવ ક્રમાંક:- **SJED/NIR/e-file/17/2024/0031/CHH Section.**

સચિવાલય, ગાંધીનગર.

તા. 7 JUN 2024

<u>વંચાણે લીધા :-</u>

(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષાનો પત્ર ક્રમાંક: File No: DSD/CNF/e-file/226/2024/0019/Children Protection Branch. તા.૩/૦૧/૨૦૨૪.

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષાનો પત્ર ક્રમાંક: File No: DSD/NIR/e-file/226/2024/0026/Planning Branch. તા.૧૫/૦૨/૨૦૨૪.

<u>આમુખ :-</u>

જુવેનાઇલ જસ્ટીસ એક્ટ, ૨૦૧૫ ની કલમ-૪૮ મુજબ કાયદા સાથે સંઘર્ષમાં હોય તેવા બાળકોના પુનર્વસન માટે સ્પેશિયલ હોમ સ્થાપવા તથા પ્રસ્તુત એકટની કલમ-૪૯ મુજબ ૧૮ વર્ષથી વધારે વયની વ્યક્તિ અથવા કાયદા સાથે સંઘર્ષમાં હોય તેવા સોળથી અઢાર વર્ષની વયના બાળકો અને અધમ ગુનો કરવા માટે દોષિત ઠરાવેલ હોય તેને રાખવા માટે સરકારી પ્લેસ ઓફ સેફ્ટીની સ્થાપના કરવા અંગેની જોગવાઇ કરવામાં આવેલ છે.

સરકારી પ્લેસ ઓફ સેફ્ટી (મહેસાણા, રાજકોટ, વડોદરા) અને ૩ સ્પેશિયલ હોમ ( મહેસાણા, રાજકોટ, વડોદરા) શરૂ કરવાની નવી બાબત નાણાકીય વર્ષ **૨૦૨૪-૨૫ માટે ૩.૪,૪૬ કરોડ**નો ખર્ચ કરવા અંગેની વંચાણે લીધા ક્રમાંક (૧) થી કરેલ દરખાસ્તને નાણા વિભાગ દ્વારા સૈધ્ધાંતિક મંજુરી મળતા વંચાણે લીધા ક્રમાંક (૨) થી પ્રસ્તુત નવી બાબતને વહીવટી મંજૂરી આપવા અંગેની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:</u>

પુખ્ય વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતા, ગાંધીનગરના વંચાણે લીધા ક્રમાંક (૧) અને (૨) થી કરવામાં આવેલ દરખાસ્તને અનુસંધાને ૩ સરકારી પ્લેસ ઓફ સેફ્ટી (મહેસાણા, રાજકોટ, વડોદરા) અને ૩ સ્પેશિયલ હોમ ( મહેસાણા, રાજકોટ, વડોદરા) શરૂ કરવા કરવા માટે મિશન વાત્સલ્ય યોજના હેઠળ ૬૦:૪૦ રેશિયામાં **પ્રતિ હોમ/યુનિટ** નીચે મુજબની આઉટસોર્સની સેવાઓ(આવર્તક ખર્ચ-૦.૨૫/- કરોડ) તથા વહીવટી+ બિનઆવર્તક ખર્ચ ૩.૦.૪૮/- કરોડ એમ મળી **એક યુનિટ/હોમ માટે ૦.૭૪/- કરોડ** તથા કુલ ૩.૪.૪૬/- કરોડ(૦.૭૪૪/-*૬)ની નવી બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | હોદ્દો | સેવાની સંખ્યા | મહેનતાણુ |
|---|---|---|---|
| ૧ | ઓફિસ સુપરિટેન્ડેટ (અધિક્ષક) | ૧ | ૨૦૦૦૦/- અન્ય ચાર્જીસ સિવાય |

| | | | |
|---|---|---|---|
| ૨ | કાઉન્સેલર | ૧ | ૨૦૦૦૦/- અન્ય ચાર્જીસ સિવાય |
| ૩ | પ્રોબેશન અધિકારી/બાળકલ્યાણ અધિકારી/કેસ કર્મચારી | ૧ | ૨૦૦૦૦/- અન્ય ચાર્જીસ સિવાય |
| ૪ | ગૃહમાતા અથવા ગૃહપતિ | ૨ | લઘુતમ વેતનની શરત અનુસાર |
| ૫ | પેરામેડિકલ કર્મચારી | ૧ | લઘુતમ વેતનની શરત અનુસાર |
| ૬ | સ્ટોર-કીપર કમ હિસાબનીશ | ૧ | ૧૬૦૦૦/- અન્ય ચાર્જીસ સિવાય |
| ૭ | શિક્ષક | ૧ | લઘુતમ વેતનની શરત અનુસાર |
| ૮ | હસ્તકલા-સહ- સંગીત શિક્ષક | ૧ | લઘુતમ વેતનની શરત અનુસાર |
| ૯ | વ્યાયામ પ્રશિક્ષક-સહ- યોગ પ્રશિક્ષક | ૧ | લઘુતમ વેતનની શરત અનુસાર |
| ૧૦ | રસોઇયા | ૨ | લઘુતમ વેતનની શરત અનુસાર |
| ૧૧ | સહાયક કમ રાત્રી ચોકીદાર | ૨ | લઘુતમ વેતનની શરત અનુસાર |
| ૧૨ | હાઉસકીપર | ૧ | લઘુતમ વેતનની શરત અનુસાર |
| | કુલ | | |

**શરતો:**

૧. આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઇની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી નિયામકશ્રી,સમાજ સુરક્ષા કચેરીએ રાખવાની રહેશે.

૨. આ યોજનાનો અમલ નિયામકશ્રી,સમાજ સુરક્ષા કચેરી (નોડલ એજન્સી) મારફતે કરવાનો રહેશે.

૩. ઓનલાઇન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.

૪. પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.

૫. સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉધોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉધોગ અને ખાણ વિભાગ પાસેથી ના વાંધા પ્રમાણ પત્ર (No Objection Certificate) મેળવ્યા પછી જ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.સાધન/ કીટની ગુણવતા સુનિશ્રિત કરવાની રહેશે.

૬. નાણાકિય સહાય નિયત કરેલ DBT પધ્ધતિથી જ આપવાની રહેશે.

૭. આ યોજનાને DBT Portal ઉપર ફરજીયાત નોંધવાની રહેશે.

૮ C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.

૯. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

૧૦. Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

૧૧. યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

૧૨. કેન્દ્ર સહાયિત યોજનામાં ફંડ કેન્દ્ર સરકાર ફાળવે તે મુજબ જ યોજનાકીય લાભ લાભાર્થીને આપવાનો રહેશે.

૧૩. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી

લેવાના રહેશે.

૧૪.આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૧૫. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

૧૬. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૧૭. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

૧૮. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૧૯. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૨૦. સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

<u>આઉટસોર્સથી સેવાઓ લેવા અંગેની શરતો</u>

૧. લઘુત્તમ વેતનધારા અધિનિયમ, ૧૯૪૮ અન્વયે શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૭/૦૩/૨૦૨૩ના જાહેરનામા તથા તેને આનુષાંગિક બહાર પાડવામાં આવેલ ઠરાવો/પરિપત્રો ધ્યાને લઇ બહાર પાડવામાં આવેલ લઘુત્તમ વેતન જેટલા જ મહેનતાણા આઉટસોર્સીગ સ્ટાફને ચૂકવવાના રહેશે.

૨.આઉટસોર્સથી સેવા વહીવટી મંજુરી મુજબના સમયગાળા પુરતી જ મેળવવાની રહેશે. તેનાથી વધુ સમય માટે આ સેવા પૂર્વ મંજુરી સિવાય મંજુરીની અપેક્ષાએ કે પાશ્ચાદવર્તી અસરથી મંજુરી મેળવવાની અપેક્ષાએ કોઇપણ સંજોગોમાં ચાલુ રાખી શકાશે નહી.

૩. આઉટસોર્સથી સેવા લેવા અંગેની વહીવટી મંજુરી મળ્યા બાદ નિયત માન્ય આઉટસોર્સીગ એજન્સી મારફત લેવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

૪. આઉટસોર્સની જગ્યાઓની સેવાઓ માન્ય એજન્સી મારફત ૧૧ માસ માટે લેવાની રહેશે . સેવાઓની મુદત પૂર્ણ થયેથી તાત્કાલિક અસરથી સેવાઓ સમાપ્ત કરવાની રહેશે. ત્યાર બાદ જરૂર જણાયે નાણા વિભાગની પૂર્વ મંજુરી મેળવ્યા બાદ નિયત કાર્ય પદ્ધતિને અનુસરીને નવેસરથી સેવાઓ મેળવવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

૫. ડ્રાઈવર અને વર્ગ-૪ ની સેવાઓ સામાન્ય વહીવટ વિભાગના તા.૧/૪/૨૦૧૦ ના ઠરાવની જોગવાઈ મુજબ મંજૂર થયેલ બજેટ જોગવાઈની મર્યાદામાં આઉટસોર્સીગથી કરાવવાની રહેશે.

૬. રાજ્ય સરકારની પ્રવર્તમાન આઉટ્સોર્સની નીતિનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. લઘુત્તમ વેતન ધારા, ઇપીએફ, ટીડીએસ , સર્વીસ ટેક્ષ , GST, સર્વિસ ચાર્જ અન્ય ચુકવણા અને કપાત સહિત લાગુ પડતા અધિનિયમો/કાયદાઓની જોગવાઇ મુજબ કાર્યવાહી હાથ ધરી સેવાઓ મેળવવાની રહેશે. વેતન અને સેવાઓ અંગે કોઇ કાયદાકીય પ્રશ્ન ઉપસ્થિત ન થાય તે જોવાની જવાબદારી નિયામકશ્રી,સમાજ સુરક્ષા કચેરીની રહેશે.

૭. એજન્સી દ્વારા નિયમિત મહેનતાણુ નિયત થયા મુજબ પુરેપુરુ ચુકવેતે અંગે નિયામકશ્રી,સમાજ સુરક્ષા કચેરી યોગ્ય મોનીટરિંગ વ્યવસ્થા ગોઠવવાની રહેશે. તેમજ એજન્સી આ બાબતે ક્ષતિ કરે તો તેના પર યોગ્ય પગલા લેવાની જવાબદારી નિયામકશ્રી,સમાજ સુરક્ષા કચેરીની રહેશે.

૮. મહેનતાણાના દરો કેંદ્રીય યોજના હેઠળ નિયત થયેલ હોય કે સેવા આ વિભાગના પરામર્શમાં નિયત કરી તેના આધારો સાથે નાણાવિભાગની પૂર્વ મંજુરી મેળવી ચુકવવાના રહેશે. તેમજ નાણા વિભાગની પૂર્વ મંજુરી સિવાય મહેંન્તાણાના દરોમાં કોઇ વધારો કરવાનો રહેશે નહી.

૯. આઉટસોર્સથી સેવા મેળવવાની હોય તો તેના માટે નિયમિત જગ્યા અંગેની કોઈ શરતો લાગુ પડશે નહિ.

૧૦. આઉટ સોર્સ જો કોઈ કેન્દ્ર સહાયિત યોજના હેઠળ લેવાની થતી હોય તો તે અંગેનો ખર્ચ જે તે યોજના હેઠળ મેળવીને જ કરવાનો રહેશે. રાજ્ય સરકારના ફંડમાંથી ખર્ચ ઉધારવાનો રહેશે નહિ.

૧૧. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૧૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

૧૩. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૧૪. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

૧૫.આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરનડર કરવાની રહેશે.

૧૬. સદર બાબતે તા.૦૧/૦૪/૨૦૨૪ પછીથી ખર્ચ કરવાનો રહેશે તથા લાગુ પડતી શરતો આમેજ કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ નીચેના બજેટ હેડ હેઠળ પાડવાનો રહેશે.

સરકારશ્રીના પ્રવર્તમાન નીતિ-નિયમો તથા યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતો તેમજ આ ઠરાવની શરતોનું ચૂસ્તપણે પાલન થાય તે નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરીએ સુનિશ્ચિત કરવાનું રહેશે.

માંગણી નં. ૯૨ (કેંદ્ર પુરસ્કૃત-૬૦ %)

**૨૨૩૫- સામાજિક સુરક્ષા અને કલ્યાણ**

**૦૨- સમાજ કલ્યાણ**

**૧૦૨- બાળ કલ્યાણ**

**૦૯ SSW ૦૪ મિશન વાત્સલ્ય યોજના**

માંગણી નં. ૯૨ (કેંદ્ર પુરસ્કૃત-૪૦ %)

**૨૨૩૫- સામાજિક સુરક્ષા અને કલ્યાણ**

**૦૨- સમાજ કલ્યાણ**

**૧૦૨- બાળ કલ્યાણ**

**૧૦ SSW ૦૪ મિશન વાત્સલ્ય યોજના**

આ હુકમો સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની નોંધથી મળેલ સંમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: DRASHTI PANKAJBHAI SHAH
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 07-Jun-2024 (11:24 AM)

**(દ્રષ્ટિ શાહ)**

**સેક્શન અધિકારી,**

**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.**

પ્રતિ,

- નામદાર રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અ.મુ.સ.શ્રીના રહસ્ય સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- મહાલેખાકારશ્રી, ગુજરાત. અમદાવાદ/રાજકોટ.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેક્શન સોસાયટી, બ્લોક નં.૧૯/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેક્શન અધિકારી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ - વિભાગની વેબસાઈટ પર મુકવાની વિનંતી સહ.
- સિલેક્ટ ફાઈલ.